
મોજેઃ– મોટામવા, તાલુકાઃ– રાજકોટ, જિલ્લોઃ– રાજકોટ,ના રે.સ.નં.–૧૩૧ પૈકી નુ શ્રી કલેકટર સાહેબ રાજકોટ ના બિનખેતી હુકમ નં.એન.એ/રીવાઈઝડ પ્લાન/કેસ રજી નાં ૮/૧૫–૧૬, તા.૦૧–૧૨–૨૦૧૬. થી બીનખેતીમા ફેરવવાની પરવાનગી આપતા એ અન્વયેનું પ્લોટ વેરીફીકેશન માપણી શીટ

એમ.ટી.આર. નં. સી. / ૧ / ૪૬ / ૧૬–૧૭

| એરીયા ટેબલ | |
|---|---|
| | ચો.મી |
| ૧. સીગલ યુનીટ – ૧ નુ ક્ષેત્રફળ | ૪૩૦૧.૨૪ |
| ૨. સાર્વજનીક પ્લોટ – ૧ | ૫૧૭.૭૬ |
| કુલ | ૪૮૧૯.૦૦ |
| ૧. સીગલ યુનીટ – ૨ નુ ક્ષેત્રફળ | ૨૬૭૨.૬૦ |
| ૨. સાર્વજનીક પ્લોટ – ૨ | ૪૦૦.૦૫ |
| કુલ | ૩૦૭૨.૬૫ |
| એફ.પી.નં.૧૮/૧ અને ૧૮/૨ નુ કુલ ક્ષેત્રફળ | ૭૮૯૧.૬૫ |




સમજુતી :–

(૧) ═══ લાલ તથા કાળી સળંગ લીટી મુજબ સ્થાનિકે મંજુર થયેલ સ.નં. ૧૩૧/પૈકી ની બીનખેતી વાળી જમીનનો કબજો આવેલ છે.

(૨) ─── લાલ સળંગ લીટી મુજબ સ્થાનિકે લે આઉટ પ્લાનના ડિમાર્કેશન મુજબ પ્લોટોની તથા રસ્તાની હદ થાય છે.

(૩) ─── કાળી સળંગ લીટી મુજબ સ.નં. ૧૩૧ ની ટીપ્પણ મુજબ હદ થાય છે.

નોંધ :–

(૧) માપણી ટોટલ સ્ટેશન મશીનથી કરવામાં આવેલ છે. તથા માપણીશીટ કોમ્પ્યુટરમાં તૈયાર કરવામાં આવેલ છે.

સ્કેલ :– ૧ સેમી. = ૫ મીટર
માપણી તારીખ :– ૧૮/૮/૨૦૧૭
માપણી કરનાર :–

નાંઃ–એન.એ./રીવાઈઝડ પ્લાન/કિસ રજી.નાં.૮/૧૫–૧૬



કલેકટર કચેરી
બિનખેતી શરતભંગ શાખા
રાજકોટ તા.૦૧/૧૨/૨૦૧૬

વિષય ::– રાજકોટ તાલુકાના મોટામવા ગામના સર્વે નં.૧૩૧ પૈકી ૧/ પૈકી ૨, ટી.પી.સ્કીમ નં.૨૩(મોટામવા), એફ.પી.નં.૧૮/૧ ની જમીન ચો.મી.૪૮૧૯–૦૦ તથા એફ.પી.નં.૧૮/૨ ની જમીન ચો.મી.૩૦૭૨–૬૫ થી ફાળવેલ કુલ જમીન ચો.મી.૭૮૯૧–૬૫ નો રહેણાંક હેતુ માટે બીનખેતી થયેલ જમીનનાં રિવાઈઝડ પ્લાન મંજુર કરવા બાબત.
શ્રી ભુપતભાઈ લાલજીભાઈ ચાંગેલા વિગેરે–૩

વંચાણ :–

1. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, રાજકોટના તા.૧૪/૯/૨૦૦૬ હુકમના ક્રમાંક : એન.એ./લે.રે.કો.ક./૬૫/કિસ નં.૩૩૧/૦૫–૦૬/વશી/૫૯૯૬/૬૦૦૩
2. અરજદારશ્રી ભુપતભાઈ લાલજીભાઈ ચાંગેલા વિગેરે–૩ ની તા.–નીલ– (અત્રેની કચેરીમાં રજુ થયા તા.૨૭/૧/૨૦૧૬) ની અરજી
3. નગર નિયોજકશ્રી, રાજકોટ શહેરી વિકાસ સતામંડળ, રાજકોટના
   (૧) તા.૨૪/૫/૨૦૧૬ ના પત્ર ક્રમાંક : રૂડા/ટિક/ડેવ/મોટામવા/૧૬૯/૦૪/૨૬૫૧
   (૨) તા.૨૧/૭/૨૦૧૬ ના પત્ર ક્રમાંક : રૂડા/ટિક/ડેવ/મોટામવા/૧૬૯/૦૪/૩૫૧૮
4. મામલતદારશ્રી રાજકોટ તાલુકા, રાજકોટના તા.૧૮/૨/૨૦૧૬ ના પત્ર નં.જમન/એન.એ/રીવાઈઝ પ્લાન/મોટામવા/વશી/૬૪૭/૧૬
5. નાયબ કલેકટરશ્રી, રાજકોટ શહેર–૨, રાજકોટના તા.૨૬/૨/૨૦૧૬ ના પત્ર નં.પ્રાંક/જમન–૨/એન.એ./હેતુફેર/રજી.નં.૦૨/૧૬
6. જુનીયર નગર નિયોજકશ્રી, રાજકોટ શહેરી વિકાસ સતામંડળ, રાજકોટનાં તા.૩૧/૧૨/૨૦૧૫ ના પત્ર ક્રમાંક : રૂડા/ટિક/ડેવ/મોટામવા/૧૬૯/૦૪/૬૬૭૨
7. અત્રેની યુ.એલ.સી. શાખાના તા.૨૫/૭/૨૦૧૬ ના પત્ર ક્રમાંક : યુ.એલ.સી./બિનખેતી/ ફા.નં.૭૨/૧૬
8. આ કચેરીના તા.૨૩/૧૦/૨૦૧૬ ના પત્ર નં. એન.એ. /રીવાઈઝડ પ્લાન/ કેસ રજી.નં.૮/૧૫–૧૬

## – : હુકમ :–

વંચાણ–૧ માં જણાવેલ જીલ્લા વિકાસ અધિકારીશ્રી, રાજકોટનાં તા.૧૪/૯/૨૦૦૬ ના હુકમથી રાજકોટ તાલુકાના મોટામવા ગામના સર્વે નં.૧૩૧ પૈકી ૧ પૈકી ૨ ની જમીન ચો.મી.૧૨૧૪૧–૦૦ ને શ્રી ભુપતભાઈ લાલજીભાઈ ચાંગેલા વિગેરે–૩ નામે રહેણાંક હેતુ માટે બિનખેતી પરવાનગી આપવામાં આવેલ છે.

વંચાણ–૨ ની અરજીથી અરજદારશ્રીએ પોતાના ૮–અ ના ખાતા નંબર–૧૯૧૭ વાળી આ રહેણાંક હેતુ માટે બિનખેતી થયેલી રાજકોટ તાલુકાના મોટામવા ગામના સર્વે નં.૧૩૧ પૈકી ૧/ પૈકી ૨, ટી.પી.સ્કીમ નં.૨૩(મોટામવા), એફ.પી.નં.૧૮/૧ ની જમીન ચો.મી.૪૮૧૯–૦૦ તથા એફ.પી.નં.૧૮/૨ ની જમીન ચો.મી.૩૦૭૨–૬૫ થી ફાળવેલ કુલ જમીન ચો.મી.૭૮૯૧–૬૫ ના રહેણાંક હેતુ માટેના રીવાઈઝ લે–આઉટ–પ્લાન મંજુર કરી આપવા અરજી કરેલી છે. ઉકત વંચાણ–૬ માં દર્શાવેલા જુનીયર નગર નિયોજકશ્રી, રાજકોટ શહેરી વિકાસ સતામંડળ, રાજકોટ દ્વારા આ જમીનના રીવાઈઝ પ્લાન મંજુર કરી આપવામાં આવેલા છે તથા વંચાણ–૪ ના પત્રથી મામલતદારશ્રી, રાજકોટ તાલુકા તરફથી જરૂરી અભિપ્રાયો નાયબ કલેકટરશ્રી, રાજકોટ શહેર–૨, રાજકોટ મારફતે અત્રેને મોકલાવેલ છે, જે પરત્વે નાયબ કલેકટરશ્રી, રાજકોટ શહેર–૨, રાજકોટના વંચાણ–૫ માં દર્શાવેલા પત્રથી અભિપ્રાય સહ અહેવાલ આવેલ છે તથા વંચાણ–૩ ના પત્રથી આ કામે નગર નિયોજકશ્રી, રાજકોટ શહેરી વિકાસ સતામંડળ, રાજકોટ તરફથી મંજુર કરેલા પ્લાનને સમર્થન આપેલ છે. તેમજ અત્રેની યુ.એલ.સી. શાખાના વંચાણ–૭ ના તા.૨૫/૭/૨૦૧૬ ના પત્રથી અભિપ્રાય આપેલ છે.

સવાલવાળી જમીન બાબતે મહેસુલી અધિકારીઓ મામલતદારશ્રી અને પ્રાંત અધિકારીશ્રીઓના અહેવાલોમાં સવાલવાળી જમીનના મુળ બિનખેતી હુકમમાં નિર્દિષ્ટ સમયમર્યાદામાં બાંધકામ કરવામાં આવેલ ન હોય, મુળ બિનખેતી હુકમની શરતનો ભંગ થતો હોય, શરતભંગ દંડ વસુલ લઈ રીવાઈઝડ લે–આઉટ પ્લાન મંજુર કરવા અભિપ્રાય આપેલ છે. અરજદારની અરજી સાથે સામેલ જમીન ધારકોશ્રી ભુપતભાઈ લાલજીભાઈ ચાંગેલા વિગેરે–૩ ના તા.૨૧/૧/૨૦૧૬ ના સોંગદનામાથી જાહેર કરેલ છે કે આ જમીન પૈકી કોઈપણ પ્લોટ કે જમીન વેચાણ,ગીરો,બક્ષિસ કે અન્ય કોઈપણ પ્રકારે તબદીલના કે કોઈપણ જાતના ફેરફારને લગતા વ્યવહારો કે પ્રવૃતી કરેલ નથી તેમજ સવાલવાળી જમીન બાબતે કોઈ કોર્ટમાં કોઈ વિવાદ ચાલતા નથી.વધુમાં એવુ પણ આ સોગંદનામાંથી જાહેર કરેલ છે કે ભવિષ્યમાં આ બાબતે કોઈ તકરાર ઉભી થશે તો તેના સઘળા નિરાકરણની જવાબદારી અમારી રહેશે તેવી સ્પષ્ટ કબુલાત સાથે રજુ થયેલ સોગંદનામું તેમજ તાબાની કચેરીથી આવેલા અભિપ્રાયો ધ્યાને લેતા સવાલવાળી જમીનમાં નિયત સમય મર્યાદામાં બાંધકામ થયેલ ન હોય

શરતભંગ સાબિતમાની સદરહુ કેસમાં આ કચેરીના વંચાણ–૮ માં દર્શાવેલા પત્રથી અરજદારશ્રીને રીવાઈઝડ માપણી ફીની રકમનું ચલણ જિલ્લા નિરિક્ષકશ્રી જમીન દફતર, રાજકોટની કચેરીમાં તૈયાર કરી રકમ ભરપાઈ કરવા, શરતભંગ દંડની રકમ ભરપાઈ કરવા તેમજ પ્રવર્તમાન બીનખેતી આકાર, લોકલંડ તથા શિક્ષણ ઉપકરની રકમ ભરપાઈ કરવા જણાવેલ. જે પરત્વે અરજદારશ્રી તરફથી સદરહુ માપણી ફીની રકમ રૂા.૨,૪૦૦/– (અંકે રૂપિયા : બે હજાર ચારસો પુરા) ચલણ નં.૩૨૫, તા.૧૯/૧૧/૨૦૧૬ થી ભરપાઈ કરેલ છે. શરતભંગ દંડની રકમ રૂા.૧,૨૧,૪૧૦/– (અંકે રૂપિયા : એક લાખ એકવીસ હજાર ચારસો દસ પુરા) પહોંચ નં.૯૨, તા.૧૯/૧૧/૨૦૧૬ તથા શિક્ષણ ઉપકર ફીની રકમ રૂા.૨,૨૭૬/– (અંકે રૂપિયા : બે હજાર બસ્સો છોતેર પુરા) પહોંચ નં.૯૪, તા.૧૯/૧૧/૨૦૧૬ તથા જમીન મહેસુલની રકમ રૂા.૧૮,૨૧૨/– (અંકે રૂપિયા : અઢાર હજાર બસ્સો બાર પુરા) પહોંચ નં.૯૩, તા.૧૯/૧૧/૨૦૧૬ થી ભરપાઈ કરી પહોંચ અને ચલન રજુ કરેલ છે. જે આધારો કેસ ફાઈલે સામેલ રાખેલ છે.

સબબ ઉકત હકીકત ધ્યાને લેતાં સવાલવાળી જમીનની નવેસરથી માપણી કરાવવાની શરતે અરજદારશ્રીની માંગણી અનુસાર સવાલવાળી જમીનનો વંચાણ–૬ થી જુનીયર નગર નિયોજકશ્રી, શહેરી વિકાસ સતામંડળ, રાજકોટ તરફથી મંજુર થયેલ રીવાઈઝ લે–આઉટ–પ્લાન પ્રમાણે બિનખેતી આકારના ફેરફારની મંજુરી આપવામાં આવે છે તથા આ સાથેના પત્રક મુજબનો પ્લોટવાર રીવાઇઝ રહેણાંક બિનખેતી આકાર નકકી કરવા આથી હુકમ કરવામાં આવે છે.

સવાલવાળી જમીનના મંજુર કરેલ રીવાઈઝ લે આઉટ પ્લાનને અનુરૂપ ડીટેઈલ્ડ બીલ્ડીંગ પ્લાન તથા સાઈટ એલીવેશન પ્લાન આ હુકમની તારીખથી ત્રણમાસની અંદર અરજદારશ્રીએ સબંધિત સક્ષમ અધિકારીશ્રી પાસે મંજુર કરાવવાના રહેશે અને બે વર્ષમાં બાંધકામ પુરૂ કરવાનુ રહેશે. એપ્રોચ બાબતે સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી મળેવવાની રહેશે.

વંચાણ–૧ માં દર્શાવેલ જીલ્લા વિકાસ અધિકારીશ્રી, રાજકોટના મુળ બિનખેતી હુકમની અન્ય તમામ શરતો યથાવત રહેશે. ઉકત વંચાણ–૬ માં દર્શાવેલ રીવાઈઝડ લે–આઉટ પ્લાન માટેની વિકાસ પરવાનગીની શરતોની અમલવારી કરવાની રહેશે.

ગામ તથા તાલુકા દફતરે દાખલો રાખવો.

રવાના કર્યુ

મામલતદાર
બિનખેતી શરતભંગ,
રાજકોટ

સહી:– (ડો. વિક્રાંત પાંડે)
કલેકટર
રાજકોટ જીલ્લા
રાજકોટ

**:: By. Registered A.D. ::**

પ્રતિ, (પ્લાન સાથે)

(૧) શ્રી ભુપતભાઈ લાલજીભાઈ ચાંગેલા
(૨) શ્રી પરેશકુમાર મનસુખલાલ ચાંગેલા
(૩) શ્રી અશોકકુમાર રતિલાલ લાલાણી
કિન્નરી એપાર્ટમેન્ટ, છઠા માળે,
ફલેટ નં.૬૦૧/૬૦૨,
વોકહાર્ડ હોસ્પીટલની બાજુમાં,
કાલાવડ રોડ,
રાજકોટ.

નકલ રવાના ::–

૧. નાયબ કલેકટરશ્રી, રાજકોટ શહેર–૨, રાજકોટ
૨. જિલ્લા નિરિક્ષકશ્રી જમીન દફતર, રાજકોટ–માપણી ફી ભર્યાની પહોંચ/ચલણની નકલ સામેલ છે. સવાલવાળી જમીનની માપણી થયે આધારો મોકલી આપવા સારૂ.
૩. જુનીયર નગર નિયોજકશ્રી, શહેરી વિકાસ સતામંડળ, રાજકોટ.
૪. મામલતદારશ્રી, રાજકોટ તાલુકા–હુકમ મુજબ અમલવારી કરી ગામ દફતરે નોંધ પ્રમાણીત થયે તુરત આધારો મોકલાવી આપવા સારૂ.
૫. તાલુકા વિકાસ અધિકારીશ્રી, રાજકોટ
૬. ના.મામ.શ્રી,ઈ–ધરા, c/o.મામલતદાર કચેરી, રાજકોટ તાલુકા, રાજકોટ
૭. તલાટીશ્રી, મોટામવા, c/o.મામલતદાર કચેરી, રાજકોટ તાલુકા, રાજકોટ
૮. પરિશિષ્ટ–પની ફાઈલે.
૯. આ કચેરીની રેકર્ડ શાખા તરફ

| આ કચેરીના હુકમ નં.એનએ–રીવાઈઝ–પ્લાન–કેસ રજી.નં.૮/૧૫–૧૬, તા.૦૯/૧૨/૨૦૧૬ સાથે જોડવાનું પત્રક–૧ (આકાર રૂ.૦.૨૫ પૈસા મુજબ નજીકનાં દશાંશમાં વસુલ કરવા) | | |
|---|---|---|
| પ્લોટ નંબર | ક્ષેત્રફળ ચો.મી. | આકાર રકમ રૂા. |
| SINGLE UNIT-1 AREA | 4301.24 | 1075.31 |
| SINGLE UNIT-2 AREA | 2672.60 | 668.15 |

| વિગત | ક્ષેત્રફળ ચો.મી. | આકાર રકમ રૂા. |
|---|---|---|
| SINGLE UNIT-1 AREA | 4301.24 | 1075.31 |
| COMMON PLOT -1 | 517.76 | 129.44 |
| SINGLE UNIT-2 AREA | 2672.60 | 668.15 |
| COMMON PLOT -2 | 400.05 | 100.01 |
| TOTAL LAND AREA (F.P. 18/1 & 18/2) | 7891.65 | 1972.91 |

રવાના કર્યુ

મામલતદાર
બિનખેતી શરતભંગ
રાજકોટ

સહીઃ– (ડો. વિક્રાંત પાંડે)
કલેકટર
રાજકોટ જિલ્લા
રાજકોટ